

શહેરમાં ઠંડીની મોસમ શરૂ થઈ ચૂકી છે. દિવસનું તાપમાન અને રાત્રિનું તાપમાન જોતા દિવસે તડકો હોવાથી ગરમીનો અનુભવ યથાવત છે જ્યારે સાંજ પડતા ઠંડી અનુભવાઈ રહી છે. શહેરીજનો ઠંડીથી બચવા સ્વેટર, મફલર, શાલ, જાકેટ, ગરમ ધાબળા રજાઈનો ઉપયોગ કરી રહ્યા છે. જ્યારે શ્રમિક પરિવારો ઠંડીથી રક્ષણ મેળવવા માટે તાપણી પાસે ગોઠવાઈ ગયા છે.

# પૂરપાટ ઝડપે જઈ રહેલી લક્ઝરીએ મારી પલટી, ૨૦થી વધુ મુસાફરોને ઈજા

**વહેલી સવારે સિદ્ધપુરના તાવડિયા ચાર રસ્તા પાસે અકસ્માત : અકસ્માત વહેલી સવારે થતાં બસમાં સવાર મુસાફરો પણ સૂઈ રહ્યા હતા**

પાટણ,તા.૫

સિદ્ધપુર હાઈવે પર વહેલી સવારે લક્ઝરી બસ પલટી મારતા અકસ્માત સર્જાયો છે. આજે વહેલી સવારે સિદ્ધપુરના તાવડિયા ચાર રસ્તા પાસે અકસ્માતની ઘટના બની હતી. બેફામ બસ હાંકી રહેલા ડ્રાઈવરે કાબૂ ગુમાવતાં અકસ્માત સર્જાયો હોવાનું કહેવાઈ રહ્યું છે. જ્યારે આ લક્ઝરી બસમાં ૨૦થી વધુ મુસાફરોને ઈજા પહોંચી છે. જ્યારે ૪થી વધુ મુસાફરોને ગંભીર ઈજા પહોંચી છે. આજે વહેલી સવારે વાપીથી રાજસ્થાન તરફ જઈ રહેલી ખાનગી લક્ઝરી બસે પલ્ટી મારી હતી. લક્ઝરી બસ મુસાફરોથી ભરેલી હતી, જ્યારે અકસ્માતને પગલે ૨૦થી વધુ મુસાફરોને ઈજા પહોંચી છે. જેમાંથી ૪થી વધુ લોકોને ગંભીર ઈજાઓ થતાં પાટણ ધારપુર ખાતે રિફર કરાયા છે. ઈજાગ્રસ્તોને ૧૦૮ મારફતે સિદ્ધપુરની સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. ઘટનાને પગલે સ્થાનિકો મદદ માટે દોડી આવ્યા હતા અને પોલીસ તથા ૧૦૮ની ટીમને જાણ કરવામાં આવી હતી. લક્ઝરી બસનાચાલકને ઝોકું આવી જતા બસ પલટી મારી હોવાનું અનુમાન છે.

અકસ્માત વહેલી સવારે થતાં બસમાં સવાર મુસાફરો પણ સૂઈ રહ્યા હતા, ત્યારે અચાનક જ અકસ્માત સર્જાયો હતો. અકસ્માત સર્જાતા બસમાં સવાર મુસાફરોને ઈજા પહોંચી છે. આ ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. જેમાં જોઈ શકાય છે કે બસ પૂરપાટ ઝડપે હતી અને અચાનક જ પલટી મારી ઘસડાય છે. ઘટનાને પગલે ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડાયા છે, જ્યારે સિદ્ધપુર પોલીસે ઘટના સ્થળે પહોંચી લક્ઝરી બસ સીધી કરી ટ્રાફિક હળવો કર્યો છે.

# રાજસ્થાનના સીએમ અશોક ગહેલોત બે દિવસ ગુજરાત પ્રવાસે

**ભાવનગર, લાઠી અને રાજુલામાં સભા સંબોધશે, જ્યારે ૭ નવેમ્બરે સુરેન્દ્રનગર, આંકલાવ અને વડોદરામાં સભાને સંબોધશે**

અમદાવાદ,તા.૫

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીઓ જાહેર થઈ ચૂકી છે, ત્યારે તમામ પક્ષોમાં ઉમેદવારોની



પસંદગી પ્રક્રિયા લગભગ અંતિમ તબક્કામાં પહોંચી ચૂકી છે. ચૂંટણી જાહેર થયા બાદ હવે ભાજપ, કોંગ્રસ અને આમ આદમી પાર્ટીના દિગ્ગજ નેતાઓ રાજ્યમાં ચૂંટણી સભાઓ ગજાવવા તૈયાર છે. હવે રાજસ્થાનના ઝસ અશોક ગેહલોત પણ આવતીકાલથી બે દિવસ ગુજરાત આવશે અને ૬ સભાઓ ગજવશે. અગાઉ કોંગ્રેસને નેતા રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીનો પ્રવાસ નક્કી થયો છે. રાજસ્થાનના CM અશોક ગહેલોત આવતકાલથી બે દિવસના ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. આવતી કાલે સવારે ૧૦ કલાકે રાજકોટ એરપોર્ટ પર તેમનું આગમન થશે. ત્યારબાદ અશોક ગહેલોત રાજકોટ ખાતે એક પ્રેસમાં સંબોધન કરશે. પ્રેસ બાદ ભાવનગર પરિવર્તન સંકલ્પ યાત્રામાં જોડાઈને એક જન સભાને સંબોધન કરશે. આ સિવાય અશોક ગહેલોત સોમવારે મધ્ય ગુજરાતના પ્રવાસે જશે, જ્યાં આકલાવ ખાતે સભા સંબોધન કરશે.

ઉલ્લેખનીય છે કે, બે દિવસના ગુજરાત પ્રવાસમાં અશોક ગેહલોત પ્રેસ કોન્ફ્રન્સ અને ૬ સભામાં ઉપસ્થિત રહેશે. અશોક ગેહલોત આવતીકાલે ભાવનગર, લાઠી અને રાજુલામાં સભા સંબોધશે. જ્યારે ૭ નવેમ્બરે સુરેન્દ્રનગર, આંકલાવ અને વડોદરામાં સભાને સંબોધશે.

# ભાજપ નેતાના સગા કે ૭૫ વર્ષથી વધુની વયનાને ટિકિટ નહીં આપે

**ભાજપ પાલર્મિન્ટરીમાં ઉમેદાવરોની પસંદગીને લઈને મહત્વપૂર્ણ નિર્ણય : પૂર્વ આરોગ્ય મંત્રી જયનારાયણ વ્યાસ બાબતે પણ પક્ષના પ્રદેશ અધ્યક્ષે નિવેદન આપ્યું છે કે, ૭૫ વર્ષ થયા હોવાથી પાર્ટી ટિકીટ નહીં આપી શકે**

અમદાવાદ, તા.૫

ભાજપ પાર્લામેન્ટરીની ઉમેદવારો પસંદ કરવા માટે બેઠક ચાલી યોજાઈ, આ બેઠકનો આજે અંતિમ દિવસ છે ત્યારે ભાજપ દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે કે, ભાજપ કોઈ પણ નેતાના સગાને ટીકીટ આપશે નહીં તેમજ ભાજપ દ્વારા ૭૫ વર્ષથી વધુ વયના કોઈ પણ ઉમેદવારને ટીકીટ આપશે નહીં. ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી આર પાટિલે મહત્વનું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, નેતાઓના કોઈ પણ સબંધીઓને ટિકિટ નહીં મળે. ભાજપે જાહેરાત કરી છે કે, ૭૫ વર્ષથી ઉપરના ધારાસભ્યોના સંબંધીને ટિકિટ નહિ મળે.




પૂર્વ આરોગ્ય મંત્રી જયનારાયણ વ્યાસ બાબતે પણ પાટિલે નિવેદન આપ્યું છે કે, ૭૫ વર્ષ થયા હોવાથી પાર્ટી ટિકીટ નહીં આપી શકે. જય નારાયણ વ્યાસે અમને રાજીનામું આપ્યું છે અને અમે તેમના રાજીનામાનો સ્વીકાર કર્યો છે. વિધાનસભાની ચૂંટણીની તારીખ જાહેર થતાં રાજકીય ગતિવિધિઓ થઈ રહી છે એક બાજુ ઈન્દ્રનીલ રાજ્યગુરૂએ અચાનક જ આપ પાર્ટી સાથે છેડો ફાડીને ફરી કોંગ્રેસમાં ઘરવાપસી કરી છે તો બીજી તરફ આજે ભાજપના દિગ્ગજ નેતા જયનારાયણ વ્યાસે રાજીનામુ ધરી દીધું હતું. જય નારાયણ વ્યાસે ૩૨ વર્ષ ભાજપમાં સેવા આપ્યા બાદ હવે રાજીનામું આપી દીધું છે. જય નારાયણ વ્યાસે ભાજપના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપી દીધું છે. લાંબા સમયથી જયનારાયણ વ્યાસ ભાજપથી નારાજ હતા હવે જયનારાયણ વ્યાસ કોંગ્રેસમાં જોડાઈ શકે છે. તેમણે થોડા દિવસ અગાઉ રાજસ્થાનના સીએમ અશોક ગેહલોત સાથે મુલાકાત કરી હતી અને ત્યારથી એ ચર્ચાએ જોર પકડ્યું હતું કે, તેઓ ભાજપ છોડી શકે છે.

# ભારત જોડો યાત્રાની વચ્ચે રાહુલ ગાંધી આવશે ગુજરાત

**રાહુલ ગાંધી વડોદરામાં કરશે રોડ શો : રાહુલ ગાંધી ૧૦ નવેમ્બરે આવશે : મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં પ્રચાર માટે રોડ શોનું આયોજન કરશે**

અમદાવાદ, તા.૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તારીખો જાહેર થઈ ગઈ છે. જેને લઈને તમામ પક્ષના કેન્દ્રના નેતાઓના ગુજરાતમાં આંટાફેરા વધી ગયા છે, ત્યારે કોંગ્રેસ પાર્ટીના પૂર્વ પ્રમુખ રાહુલ ગાંધી પણ ગુજરાતની મુલાકાતે આવશે અને ચૂંટણી પ્રચારમાં ભાગ લેશે. રાહુલ ગાંધી નવેમ્બર મહિનાની ૧૦ તારીખે ગુજરાત પ્રવાસે આવશે. આ દરમિયાન મધ્ય ગુજરાતમાં ચૂંટણી પ્રચાર માટે વડોદરામાં રોડ શોનું આયોજન છે. તેઓ દક્ષિણ ગુજરાતમાં પણ રોડ શો અને જાહેર સભા કરે તેવી શક્યતા છે. હાલ રાહુલ ગાંધી હાલ ભારત જોડો યાત્રામાં વ્યસ્ત છે. તેઓ આજે શનિવારે તેલંગાણામાં આ યાત્રા કરી રહ્યા છે. જણાવી દઈએ કે, આ યાત્રા કન્યાકુમારીથી શરૂ કરવામાં આવી છે. આ યાત્રામાં કોંગ્રેસના અનેક નેતાઓએ ભાગ લઈ રહ્યા છે. જેના લઈને આજે કોંગ્રેસ નેતા કનૈયા કુમાર પણ જોડાયા છે. ઉલ્લેખનીય છે કે, પૂર્વ મુખ્યમંત્રી ફ્રાન્સિસ્કો સરડીન્હા સોમવારે કહ્યું હતું કે, રાહુલ ગાંધીએ ચાલી રહેલી ભારત જોડો યાત્રાને રોકવી જોઈએ અને હિમાચલ પ્રદેશ અને ગુજરાતના ચૂંટણી રાજ્યો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. કોંગ્રેસમાં એક સાંધે ત્યાં તેર તૂટે એવી પરિસ્થિતિ સર્જાઈ રહી છે. ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીને લઈને પણ કોંગ્રેસ પાર્ટીને લઈને અનેક સમાચારો સામે આવી રહ્યા છે. જણાવી દઈએ કે, છૈંઝઝના સેક્રેટરી અને ગુજરાત કોંગ્રેસના સિનિયર નેતા હિમાંશુ વ્યાસે પણ આજે કોંગ્રેસ સાથેનો છેડો ફાડી નાખ્યો છે.

### ગુજરાત ચૂંટણી ૨૦૨૨ માટે ચૂંટણી તંત્ર સુસજ્જ

# આચાર સંહિતાના પાલન માટે ચૂંટણી તંત્ર સજાગ : પી. ભારતી

**આચારસંહિતાના ભંગ અંગેની ઓનલાઈન ફરિયાદ કરી શકાય તે માટે સી-વીજીલ મોબાઈલ એપ તૈયાર કરાઈ**

અમદાવાદ, તા.૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણી ૨૦૨૨ માટે ચૂંટણી તંત્ર સંપૂર્ણ સુસજ્જ છે. મતદાર યાદી, ઈવીએમ અને મતદાન મથકોનું સંપૂર્ણ આયોજન થઈ ગયું છે. મતદાતાઓને મતદાન મથકે સુખદ અનુભવ થાય તે માટે વિશેષ આયોજનો કરાયા છે.

એટલું જ નહી, યુવાનો અને વડીલો મતદાન માટે પ્રેરાય તે માટે વિશેષ પ્રયત્નો પણ કરાયા છે. ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારી પી.ભારતીએ આજે ગાંધીનગરમાં પત્રકાર પરિષદને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, આદર્શ આચાર સંહિતાના ચુસ્ત પાલન માટે સમગ્ર રાજ્યમાં ચૂંટણી તંત્ર એકદમ સજાગ છે.

રાજ્યનો કોઈપણ નાગરિક કોઈપણ સ્થળેથી આદર્શ આચારસંહિતાના ભંગ અંગેની ઓનલાઈન ફરિયાદ કરી શકે તે માટે વિશેષ પ્રકારે સી-વીજીલ(સી-વિજિલ)મોબાઈલ એપ તૈયાર કરવામાં આવી છે.

ફરિયાદોના ઝડપથી નિકાલ અને ચૂંટણી પર નિયંત્રણ માટે જિલ્લા કક્ષાએ તેમજ ગાંધીનગરમાં મુખ્ય કંટ્રોલ રૂમ કાર્યરત મુખ્ય નિર્વાચન અધિકારી પી. ભારતીએ જણાવ્યું હતું કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં મતદારોની સંખ્યામાં ૭,૧૩,૭૩૮નો વધારો થયો છે. જે ૧.૪૭ ટકા છે.

તેમણે વધુમાં ઉમેર્યું કે, આદર્શ આચારસંહિતાના ભંગ અંગેની ફરીયાદ હવે ઓનલાઈન અને રીયલ ટાઈમમાં થઈ શકશે. ભારતના ચૂંટણી પંચ દ્વારા તૈયાર કરાયેલ (સી-વિજિલ) મોબાઈલ એપ મારફતે કોઈપણ અરજદાર કોઈપણ સ્થળેથી આ અંગેની ફરિયાદ કરી શકશે.

# કોંગ્રેસના સેક્રેટરી સુરેન્દ્રનગરના હિંમાશુ વ્યાસે રાજીનામું આપ્યું

**ચૂંટણીની જાહેરાત સાથે રાજકીય ગતિવિધિ તેજ : કોંગ્રેસના નવા સંગઠનથી નારાજ થઈને રાજીનામું આપ્યું હોવાની ચર્ચા**

સુરેન્દ્રનગર, તા.૫

વિધાનસભાની ચૂંટણી નજીક આવતા પક્ષપલટો શરૂ થઈ ગયો છે. ગુજરાતમાં વિધાનસભા ચૂંટણી પહેલા સૌથી મોટું ભંગાણ થયું છે. કોંગ્રેસના સેક્રેટરી હિમાંશુ વ્યાસે રાજીનામું આપી દીધું છે. ઓવર્સિસ કોંગ્રેસના ઈનચાર્જ પદ પરથી પણ હિમાંશુ વ્યાસે રાજીનામું આપી દીધું છે. સૂરેન્દ્રનગર કોંગ્રેસમાં હિમાંશુ વ્યાસનું મોટું નામ છે. તેઓ સામ પિત્રોડાની નજીકના ગણાય છે. કોંગ્રેસના નવા સંગઠનથી નારાજ થઈને રાજીનામું હોવાની ચર્ચાઓ થઈ રહી છે. હિમાંશુ વ્યાસ આજે જ ભાજપમાં જોડાશે.

તેમણે પોતાની રાજકીય કારકીર્દીની શરૂઆત ગુજરાત યુનિવર્સિટીમાં વિદ્યાર્થી નેતા તરીકે કરી હતી. તેમણે ૧૯૮૪માં કોંગ્રેસ પક્ષમાં કામકાજની શરૂઆત કરી હતી. ૧૯૮૯-૯૫ સુધી એનએસયુઆઈ ગુજરાતના પ્રેસિડેન્ટ રહ્યાં હતા. જીપીસીસીમાં મીડિયામાં જનરલ સેક્રેટરી ઈન્ચાર્જ તરીકે કામગીરી કરી હતી.

હિમાંશુ વ્યાસ ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના સેક્રેટરી રહી ચૂક્યા છે. કોંગ્રેસ દ્વારા થતી અવગણનાના વિરોધમાં તેમણે પક્ષ છોડ્યો છે. કોંગ્રેસના નવા સંગઠન સાથેની નારાજગીના વિરોધમાં રાજીનામું આપ્યું છે.



ગુજરાતમાં ચૂંટણીની જાહેરાત થતાં વિવિધ પક્ષો દ્વારા ચૂંટણીલક્ષી પ્રચારનો આરંભ કરવામાં આવ્યો છે... અમદાવાદમાં આમ આદમી પાર્ટી દ્વારા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ભાજપની ઓફર હતી કે ગુજરાત છોડી દો, અમે સત્યેન્દ્ર જૈનને છોડી દઈશું : કેજરીવાલ

**કેજરીવાલના દાવાથી રાજકારણ ગરમાયું : મોરબી દુર્ઘટના પરથી ધ્યાન હટાવવા માટેનો પ્લાન : અરવિંદ કેજરીવાલ**

અમદાવાદ,તા.૫

દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે એક ટીવી શૉ દરમિયાન ગુજરાત વિધાનસભાની ચૂંટણી સહિત અનેક મુદ્દાઓ પર પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો. અરવિંદ કેજરીવાલે સત્યેન્દ્ર જૈન મામલે કહ્યું કે, 'અમારી પાસે ભાજપની એક ઓફર આવી હતી, જેમાં કહેવામાં આવ્યું હતું કે ગુજરાત છોડી દો, અમે સત્યેન્દ્ર જૈનને છોડી દઈશું.'

આ દરમિયાન અરવિંદ કેજરીવાલે મહાઠગ સુકેશ ચંદ્રશેખર દ્વારા સત્યેન્દ્ર જૈન પર લગાવવામાં આવેલા આરોપોને લઈને કહ્યું કે, ઘણા સમય પહેલા સુંદર વાર્તાઓ (મનોહર કહાનીઓ) આવતી હતી, તેવી જ રીતે આ બધી ભાજપની સુંદર વાર્તાઓ છે. આ બધુ મોરબીમાં થયેલી દુર્ઘટના પરથી ધ્યાન હટાવવા માટે કરવામાં આવ્યું હતું, પરંતુ ભાજપની આ સુંદર વાર્તાઓને કોઈ ખરીદશે નહીં. અરવિંદ કેજરીવાલે કહ્યું કે,'સત્યેન્દ્ર જૈનને વધુ ૩ મહિના સુધી જેલમાં રાખો. તમે અમને તોડી નહીં શકો.'

ગુજરાત ચૂંટણી પર ચર્ચા કરતી વખતે કેજરીવાલે ભાજપ પર નિશાન સાધ્યું. તેમણે કહ્યું કે, જો ભાજપે અહીં કામ કર્યું હોત તો ૨૭ વર્ષ પછી અમને ગુજરાતમાં સ્થાન ન મળ્યું હોત. સાથે જ એવું પણ કહ્યું કે, ગુજરાતના લોકો કેજરીવાલને પોતાનો ભાઈ માનવા લાગ્યા છે, પોતાના પરિવારનો એક ભાગ માનવા લાગ્યા છે. મેં ગુજરાતની જનતાને વચન પણ આપ્યું છે કે જો અમારી સરકાર બનશે તો હું તમારા પરિવારનો એક ભાગ બનીને જવાબદારી નિભાવીશ.

## ઝૂલતા બ્રિજના રિનોવેશનમાં બે કરોડ નહીં, માત્ર ૧૨ લાખ ખર્ચ્યા હતા

મોરબી,તા.૫

મોરબી ઝૂલતા પુલ દુર્ઘટના મામલે રોજેરોજ ચોંકાવનારા ઘટસ્ફોટ થઈ રહ્યા છે. ૨૪ ઓક્ટોબરના દિવસે જયસુખ પટેલે મોટાપાયે પ્રચાર કરી જાહેરાત કરી હતી કે મોરબીના ઐતિહાસિક ઝૂલતા પુલને બેસતા વર્ષના દિવસે ખુલ્લો મુકવામાં આવશે. તેણે એવા દાવા પણ કર્યા હતા કે આ પુલનું છ મહિના સુધી સમારકામ ચાલ્યું છે, અને તેમાં બે કરોડ રુપિયાનો ખર્ચો થયો છે. જોકે, અત્યારસુધીની પોલીસ તપાસમાં એવું બહાર આવ્યું છે કે, જયસુખ પટેલે ભલે બ્રિજના સમારકામમાં બે કરોડ રુપિયા ખર્ચાયા હોવાની વાતો કરી હોય, પરંતુ હકીકત એ છે કે ઓરેવાએ તેમાં માત્ર ૧૨ લાખ રુપિયાનો ખર્ચો કર્યો હતો. ૧૪૫ વર્ષ જૂના બ્રિજની જાળવણી માટે ઓરેવાએ ૧૫ વર્ષનો કોન્ટ્રાક્ટ મેળવ્યો હતો, જેમાં સરકાર કોઈ દખલગીરી નહીં કરે તેવી શરત પણ મુકવામાં આવી હતી.

# ડીસામાં કોંગ્રેસની દશા બગડી : સંજય રબારીને ટિકિટ આપતા ટપોટપ રાજીનામા પડ્યા

બનાસકાંઠા,તા.૫

બનાસકાંઠામાં કોંગ્રેસ પક્ષે ડીસામાં વિધાનસભાની ચૂંટણી માટે ઉમેદવાર તરીકે સંજય રબારીને જાહેર કરતા કોંગ્રેસના ૧૫ આગેવાનોએ પાલનપુર કોંગ્રેસ કાર્યાલય આવીને પોતાના રાજીનામાં ધરી દેતા ખળભળાટ મચી ગયો છે. વિધાનસભાની ચૂંટણીને લઈને કોંગ્રેસ પક્ષ દ્વારા ડીસા વિધાનસભા ઉપર પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ રબારીના પુત્ર સંજય રબારીને ટિકિટ આપતા કોંગ્રેસના અન્ય ટિકિટના દાવેદરોમાં ભારે નારાજગી ભભૂકી ઉઠી છે. જેને લઈને ડીસા વિધાનસભાના નારાજ કોંગ્રેસના જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ પિનાબેન ઘાડિયા, ડીસા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ વિપુલ શાહ અને કૈલાસબેન શાહ, જિલ્લા પંચાયતના પૂર્વ કારોબારી ચેરમેન અજમલજી ઠાકોર, જિલ્લા પંચાયતના બાંધકામ વિભાગના પૂર્વ ચેરમેન પોપટજી દેલવાડીયા, બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિના મહામંત્રી નરસિંહભાઈ દેસાઈ, દીપકભાઈ પટેલ, મુકેશભાઈ સોલંકી, ડીસા નગરપાલિકાના વર્તમાન સદસ્ય ડો.ભાવિબેન શાહ સહિત આગેવાનો પાલનપુરમાં આવેલ જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે પહોંચ્યા હતા અને ત્યાં ભારે નારાજગી વ્યક્ત કરીને તમામ આગેવાનોએ રાજીનામાં ધરી દીધા હતા.

## શુટીંગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ફિલ્મમાં તેઓએ ગુજરાતના જાણીતા ફરસાણ કિંગની ભૂમિકા ભજવી છે. તેઓની ફરસાણની ફર્મ તરીકે રાધે સ્વીટ્સને દર્શાવાઈ છે. છેલ્લા ત્રણ દિવસથી અહી આ ફિલ્મના વિવિધ સીન્સનુ શુટીંગ ચાલી રહ્યુ છે.

આ ફિલ્મના ગુજરાત સંબંધિત સુટીંગનું કામ ગુજરાત લાઈન પ્રોડક્શન કંપની સંભાળી રહી છે. આ કંપનીએ ૨૯ જેટલા મુવીનુ પ્રોડક્શન કાર્ય કર્યુ છે.

## બેઠક મળી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ દરમિયાન પ્રજાપતિ સમાજ દ્વારા ગાંધીનગરમાં બેઠક યોજાઈ હતી. જેમાં પ્રજાપતિ સામાજના આગેવાન વાઘજી પ્રજાપતિએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં પ્રજાપતિ સમાજના ૩૫ લાખ મતદારો છે. રાજ્યમાં ૪૨ બેઠકો પ્રજાપતિ સમાજ પ્રભાવિત અને ૩૦ બેઠકો પર સમાજ નિર્ણાયક ભૂમિકામાં છે. આથી સમાજની માંગને લઈને અમને ૧૪ સીટ મળવી જોઈએ. છતાં પણ ભાજપ પાસેથી ૧૦ ટીકીટોની માંગણી કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, આ અગાઉ રાજકોટમાં ઼ઝ સમાજ દ્વારા ટિકિટની માંગ કરવામાં આવી હતી. તો કોળી સમાજને પણ તક આપવા માંગ ઉઠી હતી. જ્યારે કચ્છમાં પાટીદાર સમાજ દ્વારા ટિકિટની માંગ કરવામાં આવી હતી. વધુમાં જામનગર ગ્રામ્યમાં સતવારા સમાજે ટિકિટની માંગ ઉઠાવી હતી.આમ લગભગ મોટા ભાગની બેઠક પર અનેક સમાજ દ્વારા ટિકિટની માંગ કરાઈ રહી છે.

## ઈન્કાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માણસા બેઠક એ જિલ્લાના રાજકારણમાં આમ તો મહત્વની બેઠક ગણવામાં આવી રહી છે. હવે આ બેઠક પર પ્રદેશ નેતાગીરી કોને ટિકિટ આપશે તેમજ કયા કયા પાસાઓને વિચારણામાં લેશે તેના પર સૌની નજર મંડાયેલી છે.

જો કે હજુ બીજા તબક્કામાં મતદાન હોવાથી ટિકિટવાંચ્છુઓએ પોતપોતાની રીતે લોબીંગ શરૂ કરી દીધુ છે. આગામી બે થી ત્રણ દિવસમાં ચિત્ર સ્પષ્ટ થઈ જશે તેવો વિશ્વાસ કોંગ્રેસના આગેવાનો વ્યક્ત કરી રહ્યા છે.

## આગાહી

● અનુસંધાન પહેલાનું ચાલુ

તમિલનાડુ, કેરળ, તટીય આંધ્રપ્રદેશ અને દક્ષિણ આંતરિક કર્ણાટકના બાકીના ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદ થયો હતો. દક્ષિણ ઓડિશામાં હળવા વરસાદ સાથે એક કે બે સ્થળોએ મધ્યમ વરસાદ પણ થયો હતો. દક્ષિણ આસામ, મણિપુર અને કોસ્ટલ કર્ણાટકમાં એક કે બે જગ્યાએ હળવો વરસાદ થયો હતો.

માહિતી અનુસાર, આગામી ૨૪ કલાક દરમિયાન જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, ગિલગિત-બાલ્ટિસ્તાન અને હિમાચલ પ્રદેશમાં હળવો વરસાદ અને હિમવર્ષા થઈ શકે છે. પંજાબ, દક્ષિણ આસામ, મણિપુર, મિઝોરમ અને કોસ્ટલ કર્ણાટકમાં એક કે બે જગ્યાએ હળવો વરસાદ થવાની સંભાવના છે.

## માસ્ક પહેરજો

● અનુસંધાન પહેલાનું ચાલુ

પોતાની જાતને બચાવવા માટે સચેત કર્યા છે, કારણ કે કેજરીવાલજી ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં મફતની રેવડીની વાત કરવા અને દિલ્હીના ટેક્સપેયર્સના કરોડો રૂપિયા ખર્ચ કરીને જાહેરાતો આપવામાં વ્યસ્ત છે. આપને જણાવી દઈએ કે, હાલના દિવસોમાં દિલ્હી-એનસીઆરમાં વાયુ પ્રદૂષણ એક મોટી સમસ્યા બનીને ઊભું છે. દિલ્હીમાં ધુમાડાના મોટા પડ દેખાઈ રહ્યા છે. રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં વાયુ પ્રદૂષણ માટે અનુકૂળ મૌસમી દિશા રહેવા અને પંજાબમાં પરાલી સળગાવવાની ઘટનાના કારણે સાંજે ચાર કલાકે એક્યૂઆઈ ૪૪૭ નોંધાયું હતું. ફેફડાને નુકસાન પહોંચાડનારા પીએમ ૨.૫ નું સકેન્દ્રણ કેટલાય વિસ્તારોમાં ૪૭૦ માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટરથી વધારે હતું. જે ૬૦ માઈક્રોગ્રામની સુરક્ષિત સરહદની નજીક આઠ ગણુ વધારે છે.

## આતંકી ઝડપાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

પિસ્તોલ રાઉન્ડ, વિસ્ફોટક ઉપકરણો, ગ્રેનેડ, હથિયારો અને દારૂગોળો મળી આવ્યો છે. હાલમાં પોલીસ બંને આતંકવાદીઓના ખતરનાક પ્લાન જાણવા માટે તેમની સતત પૂછપરછ કરી રહી છે. બંને આતંકવાદીઓની ઓળખ હજુ સામે આવી નથી.

આ બંને આતંકવાદીઓ એવા સમયે પકડાયા છે જ્યારે જમ્મુ-કાશ્મીરના પુંછ જિલ્લામાં નિયંત્રણ રેખા (એલઓસી) પર આતંકવાદીઓ ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહ્યા હતા. જો કે, સુરક્ષા દળોએ તત્પરતા બતાવીને આતંકવાદીઓના નાપાક ષડયંત્રને નિષ્ફળ બનાવ્યા અને ત્રણ આતંકવાદીઓને ઠાર કર્યા. સૈનિકોએ એક આતંકવાદીનો મૃતદેહ મેળવ્યો, જ્યારે એલઓસી પાર પડેલા બે મૃતદેહોને પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (પીઓકે) ના ગ્રામજનો પાસે લઈ જવામાં આવ્યા.